# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


પગાર/એરીયર્સ/૨૦૨૪/ ૩૧૫૮ તા.૩/૦૪/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ ગ્રાન્ટેડ પ્રાથમિક,માધ્યમિક અમે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

વિષય: તા.૩૧/૦૩/૨૦૨૪ની સ્થિતિએ ચૂકવવાના બાકી એરીયર્સ બીલ બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૩૧/૦૩/૨૦૨૪ની સ્થિતિએ ચૂકવવાના બાકી એરીયર્સ બિલો (રજા રોકડ રૂપાંતર, પગાર એરીયર્સ, મોંઘવારી ભથ્થા તફાવત બીલ, મેડીકલ, એલ.ટી.સી.)નાં મેન્યૂઅલ બીલો નીચે જણાવ્યા મુજબના સ્થળ અને સમયે રૂબરૂ રજૂ કરવાના રહેશે.

| ક્રમ | સ્થળ | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ટી એન્ડ ટી વી હાઈસ્કૂલ,નાનપુરા, સુરત (સુરત શહેર) | તા.૦૫/૦૪/૨૦૨૪ | સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ |
| ૨ | જે એમ પટેલ હાઈસ્કૂલ,બારડોલી (સુરત ગ્રામ્ય) | તા.૦૬/૦૪/૨૦૨૪ | સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ |

**નોંધ:** (૧) બીલો રજૂ કરવામાં આવેલ કર્મચારીઓનાં ખાતાની વિગતોની એન્ટ્રી IFMS માં કરવાની હોઈ, કર્મચારીઓના ખાતાનો કેન્સલ ચેક અથવા પાસબુકની પ્રથમ પેજની સ્પષ્ટ નકલ ફરજીયાત ઉક્ત સ્થળે સંબંધિત શાખા કલાર્કને મેન્યુઅલ બીલ સાથે જોડી રૂબરૂ આપવાની રહેશે.

(૨) આપની કક્ષાએથી અગાઉ જે બીલો રજૂ કરવામાં આવ્યા છે તે સિવાયનાં બીલો જ અત્રે રજૂ કરવાના રહેશે.

(૩) સદર બીલોનું અગાઉ ચુકવણું થયેલ નથી જે બાબતનું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર બીલ સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) ઉક્ત મેન્યૂઅલ બીલોમાં નીચે જણાવ્યા મુજબના આધારો સામેલ રાખી બીલ રજૂ કરવાનું રહશે.

- નોંધ પાનું
- શાળાનો ફોરવર્ડીંગ લેટર
- કચેરી આદેશ (૨ નકલમાં)
- FORM G.T.R 62-C (૨ નકલમાં)
- ફોર્મ નં.૧ (ભાગ-૧) (૨ નકલમાં)
- બીલમાં જરૂરી ગણતરી પત્રક અને સાધનિક આધારો.

હિસાબી અધિકારી (વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત, જિ. સુરત.